# 3 એક સરખા દિવસ સુખના...

**પ્રભુલાલ દ્વિવેદી**

(જન્મ : 15-11-1892; અવસાન : 31-01-1962)

ગુજરાતી નાટ્યકાર શ્રી પ્રભુલાલ દયારામ દ્વિવેદીનો જન્મ વીરપુર ( સૌરાષ્ટ્ર )માં થયો હતો. ચાર ચોપડી વતન જેતપુરમાં ભણ્યા, પછી કરાંચી ગયા. નોકરી કરી. ફાજલ સમયમાં ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી પુસ્તકો વાંચ્યાં. ઈ.સ. 1916માં 'દેવી દમયંતી' નાટકમાં એક દશ્ય લખ્યું, ત્યાંથી રંગભૂમિક્ષેત્રે તેમણે શ્રીગણેશ કર્યા. ઈ.સ. 1924માં 'માલવપતિ-મુંજ' નાટક દ્વારા એમની સમર્થ નાટ્યકાર તરીકેની પ્રતિભા પોંખાઈ. ઈ.સ. 1929માં પ્રથમવાર નાટકમાં ખલનાયકને નાયક બનાવ્યો. ઈ.સ. 1938માં 'વડીલોના વાંકે' નાટક પાંચસોથી વધુ વાર ભજવ્યું. તેણે ગુજરાતી રંગભૂમિ ઉપર વિક્રમ સર્જ્યો. એ વખતે ઉર્દૂ તખ્તાની અસર રંગભૂમિ ઉપર હતી. પ્રભુલાલે પુરાણ, ઇતિહાસ તેમજ સમાજની સામ્પ્રત કથા-વ્યથાને નાટકમાં સાંકળીને, નાટ્યરચના તેમજ વસ્તુ-પસંદગીમાં નવા પ્રયોગો કર્યા. રંગભૂમિને ઉર્દૂ અસરમાંથી મુક્ત કરી. 'વિદ્યાવારિધિ ભારવિ', 'સામે પાર' તેમજ 'જગદ્ગુરુ શંકરાચાર્ય' એમનાં સાહિત્યિક દષ્ટિએ મૂલ્યવાન એવાં મુદ્રિત નાટકો છે. આમ, વ્યવસાયી રંગભૂમિના આ પ્રતિભાસંપન્ન નાટ્યકાર, સમકાલીન તેમજ અનુગામી નાટ્યકારોના ગુરુ બની રહ્યા. ઈ.સ. 1961માં ભારત સરકારે એમને શ્રેષ્ઠ નાટ્યકારનો એવોર્ડ આપ્યો હતો.

પ્રભુલાલ દ્વિવેદીએ આ કાવ્યમાં માનવજીવનનું ચિંતન રજૂ કરતાં કહ્યું છે કે માનવીએ ક્યારેય પણ ગર્વ ન કરવો, કારણ કે ભૂપતિમાંથી ભિખારી બનતાં વાર નથી લાગતી. માનવજીવનનો ત્યાગ કરી ઈશ્વરના દરબારમાં જાય છે ત્યાં ધન-સંપત્તિ કે સ્વજનો કોઈ સાથે આવતું નથી. ખાલી હાથે જ જવું પડે છે. સાચું કાર્ય કરવામાં સંકોચ ન અનુભવવો, ખરાબ કાર્યોથી જ ડરવું, કવિએ ખીલે કરમાય, સર્જાય - લોપાય, ચડે - પડે જેવાં ઉદાહરણો આપી ઊંચી-નીચી ફર્યા કરતી જીવન ઘટમાળને સરળ શબ્દોમાં સમજાવી છે. સમજદાર માણસો દુઃખમાં દુભાતા કે સુખમાં ફૂલાતા નથી. મુશ્કેલીમાં આવી પડેલ માનવીને પરેશાન કરવો એ દુષ્કૃત્ય દુર્જનોનું છે. આ કાવ્યમાં કવિ અહંકાર - હુંપદ છોડી ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરી, સ્થિતપ્રજ્ઞ રહી, અન્યને ઉપયોગી થવાનો બોધ અર્પે છે.

---

એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી,
એથી જ શાણા સાહ્યબીથી લેશ ફૂલાતા નથી.
ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા એને નથી,
એ જ શૂરા જે મુસીબત જોઈ મુંઝાતા નથી.
ખીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે,
જે જે ચડે તે તે પડે એ નિયમ પલટાતા નથી.
સમય બડો બળવાન છે, નહીં પુરુષ બળવાન,
કાબે અર્જુન લૂંટિયો એ જ ધનુષ્ય એ બાણ.
સજ્જન, આ સંસારમાં ગર્વ છોડતાં શીખ,
ભાગ્ય ફૂટ્યું ત્યાં ભૂપતિ ભમતો માગે ભીખ.
ધન જન સંપત સાહ્યબી કોઈ ન આવે સાથ,
ઈશ્વરના દરબારમાં જાવું ખુલ્લે હાથ.
ડરવાનું દુષ્કર્મથી એ જ જીવનનો સાર,
મરવાથી ડરવું નહીં, મરવું એક જ વાર.
હુંપદથી હળવા થશો હુંપદ કરો ન કોઈ,
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય.
પડતા પર પાટું કદી, દાઝ્યા ઉપર ડામ,
દઈશ ના કોઈને કદી એ દુર્જનનું કામ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દસમજૂતી

**શાણું** સમજદાર **સાહ્યબી** જાહોજલાલી **તમા** કાળજી **સંપત** સંપત્તિ **હુંપદ** અભિમાન

**પડતા પર પાટું / દાઝ્યા ઉપર ડામ (કહેવત)** એક પીડા હોય ત્યાં બીજી પીડા ઊભી થવી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) સાહ્યબીથી કોણ ફૂલાતું નથી ?

(2) કવિની દૃષ્ટિએ શૂરા કોણ છે ?

(3) સમય અને પુરુષ બંનેમાં કોણ બળવાન છે ?

(4) મૃત્યુ પછી શું સાથે આવતું નથી ?

(5) મનુષ્યે કોનાથી ડરવાનું છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

(2) નિયતિ (કુદરત)નો શો ક્રમ છે ?

(3) જીવનનો સાર શેમાં સમાયેલો છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' - કાવ્યમાં માનવીય પરિસ્થિતિ અને પરિવર્તન અંગે શો સંદેશ સમજાવ્યો છે ?

(2) 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી' કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં લખો.

(3) સમજાવો :

'હુંપદથી હળવા થશો, હુંપદ કરો ન કોઈ,
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય.'

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

1. અર્જુન અને કાબાની વાર્તા શિક્ષક પાસેથી સાંભળો.
2. શામળના છપ્પા મેળવીને નોંધપોથીમાં લખો.
3. ગઝલ પઠન સ્પર્ધાનું આયોજન થાય ત્યારે તમે ભાગ લો.

## ભાષા-અભિવ્યક્તિ

જીવનનો બોધ - ઉપદેશ સમજાવતું આ કાવ્ય છે. જેની પ્રથમ પંક્તિ : 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી'માં સમગ્ર જીવનનો મર્મ અભિવ્યક્ત પામ્યો છે.

રૂઠે - રીઝે, ખીલે - કરમાય જેવા વિરોધી શબ્દોનો વિનિયોગ કાવ્યપંક્તિમાં સહજ રીતે થયો છે.

## શિક્ષક પ્રવૃત્તિ

1. 'સમયનું મહત્ત્વ' વિષય પર નિબંધ-લેખન સ્પર્ધા ગોઠવો.
2. શૌર્યરસના અન્ય દોહરાઓ મેળવી નોંધપોથીમાં લખો.
3. ગઝલ લેખન શિબિરનું આયોજન કરી કોઈ પ્રસિદ્ધ ગઝલકારને બોલાવો.
4. શાળામાં કવિસંમેલનનું આયોજન કરો અથવા ટેલિવિઝનમાં બતાવો.

•



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in